ગાંધીનગર સમાચાર

તાપમાન
મહત્તમ : ૪૩.૫ ડીગ્રી
લઘુતમ : ૨૯.૨ ડીગ્રી
ભેજ
સવારે ૫૩ ટકા ● સાંજે ૨૧ ટકા

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૮૮ ૮ જૂન, ૨૦૧૬, બુધવાર ; જેઠ સુદ - ૪ પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# રેપો રેટ અને સીઆરઆર યથાવત

## બેંકરો અને અર્થશાસ્ત્રીઓની ગણતરી આખરે સાચી સાબિત થઇ : ઉંચા ખાદ્યાન ફુગાવા અને અમેરિકી ફેડરલ રીઝર્વ દ્વારા વ્યાજદરમાં વધારાની શક્યતા વચ્ચે રેપો રેટ યથાવત રાખ્યા : નવમી ઓગષ્ટે વ્યાજદર ઘટી શકે છે



મુંબઇ,તા. ૭

જેની ઉત્સુકતાપૂર્વક રાહ જોવામાં આવી રહી હતી તે આરબીઆઇની આજે બીજી દ્વામાસિક નાણાંકીય નિતી સમીક્ષા આજે જારી કરવામાં આવી હતી. જેમાં તમામ ટોપના અર્થશાસ્ત્રીઓ અને બેંકરોની અપેક્ષા પ્રમાણે જ વ્યાજદરમાં કોઇ ફેરફાર નહી કરવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. જો કે આરબીઆઇના ગવર્નર રઘુરામ રાજન આશાવાદી દેખાયા હતા. જાણકાર નિષ્ણાંતોએ કહ્યુ છે કે હાલમાં આરબીઆઇએ વ્યાજદરમાં કોઇ ફેરફાર કર્યા નથી. પરંતુ નવમી ઓગષ્ટના દિવસે તેની નિતીમાં રેટમાં ઘટાડો કરવામાં આવનાર છે. આજે રેટ યથાવત રાખવાનો મતલબ એ થયો કે રેપો રેટ અથવા તો રિપર્ચેઝ રેટ ૬.૫૦ ટકાના દરે યથાવત રહેશે. સાથે સાથે સીઆરઆર પણ યથાવત ચાર ટકા રહેશે. આ વર્ષમાં ઓગષ્ટ અથવા તો ઓક્ટોબરમાં વ્યાજદરમાં ઘટાડો કરવામાં આવી શકે છે. રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ છેલ્લે પાંચમી એપ્રિલના દિવસે નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭ માટેની તેની પ્રથમ દ્વિમાસિક નાણાંકીય નિતી સમીક્ષા જારી કરતા બેંકરો અને નિષ્ણાંતોની અપેક્ષા મુજબ જ રેપો રેટ અથવા તો રિપર્ચેઝ રેટમાં ૨૫ બેઝિક પોઈન્ટનો ઘટાડો કર્યો હતો. આની સાથે જ રેપોરેટ હવે ઘટીને ૬.૫૦ ટકા થઇ ગયો હતો. મોટા ભાગના બેંકરો અને

● અનુસંધાન પાન-૭ પર

## હરિશ રાવતની લાંબી પુછપરછ

નવી દિલ્હી,તા. ૨૪

સીબીઆઈએ આજે ભારે સનસનાટી મચાવનાર સ્ટિંગ ઓપરેશન મામલામાં તપાસના સંદર્ભમાં ઉત્તરાખંડના મુખ્યમંત્રી હરિશ રાવતની પુછપરછ કરી હતી. સ્ટિંગ ઓપરેશનમાં હરિશ રાવત કોંગ્રેસના કેટલાક અસંતુષ્ટ ધારાસભ્યોને લાલચ આપતા નજરે પડ્યા હતા. હરિશ રાવત આજે પુછપરછ માટે ઉપસ્થિત થઈ ગયા હતા. હરિશ રાવત પહેલાથી જ તેમની સામે કરવામાં આવેલા આક્ષેપોને રદિયો આપી ચુક્યા છે. ૨૪મી મેના દિવસે પુછપરછ દરમિયાન હરિશ રાવતે તપાસ ટીમને સંતોષ થાય તે રીતે ચોક્કસ પ્રશ્નોના જવાબ આપ્યા ન હતા. જો કે, રાવતે આને રદિયો આપતા કહ્યું છે કે, તપાસ ટીમને તેઓ સંપૂર્ણ સહકાર આપી રહ્યા છે.

## મથુરા હિંસામાં સીબીઆઈ તપાસનો સુપ્રીમનો ઈનકાર

નવી દિલ્હી,તા. ૭

સુપ્રીમ કોર્ટે સનસનાટીપૂર્ણ મથુરા હિંસા કેસના મામલામાં સીબીઆઈ તપાસનો આદેશ આપવાનો આજે ઈન્કાર કર્યો હતો. મથુરામાં અતિક્રમણકારીઓ અને પોલીસ વચ્ચે ખેલાયેલા ખૂની જંગમાં બે પોલીસ અધિકારી સહિત ૨૯ લોકોના મોત થયા હતા. ૩૦૦૦થી પણ વધુ અતિક્રમણકારીઓને ખદેડી મુકવા માટે આ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. તે વખતે હિંસા ભડકી ઉઠી હતી.

# બુલેટ ટ્રેન ૨૦૨૩ સુધીમાં દોડાવાશે

## આગામી ત્રણ વર્ષમાં રેલવેને વધુ વિકસિત કરવાના પ્રયાસ થશે : બે વર્ષમાં સરકારે ઘણુ કામ કર્યું છે : વિકાસના કામો અવિરતપણે જારી રહેશે : સારો વરસાદ રહેશે તેવી આશા છે : ખેડૂતોની આવક બે ગણી કરવનો હેતુ

મહેસાણા, તા.૭

રેલવે મંત્રી સુરેશ પ્રભુ આજે શ્રેણીબદ્ધ કાર્યક્રમોમાં ભાગ લીધો હતો અને ૧૨ જેટલા રેલ પ્રોજેક્ટોને લીલીઝંડી આપી હતી. સુરેશ પ્રભુએ આ પ્રસંગે પત્રકાર પરિષદને સંબોધતા કેટલીક જાહેરાતો કરી હતી. પત્રકાર પરિષદમાં પ્રભુએ કહ્યું હતું કે, સરકાર ૨૦૨૩ સુધી અમદાવાદ અને મુંબઈ વચ્ચે બુલેટ ટ્રેનને




દોડાવવા માટે પ્રયાસ કરી રહી છે. તેમની સાથે ગુજરાતના પ્રધાન નીતિન પટેલ, ભાજપના અન્ય આગેવાનો પણ રહ્યા હતા. પ્રભુએ કહ્યું હતું કે, આગામી ત્રણ વર્ષમાં રેલવેનો વધારે વિકાસ થશે. બે વર્ષમાં ઘણું કામ કરવામાં આવ્યું છે. વિકાસના કામો અવિરતપણે જારી રહેશે. પ્રભુએ આજે મહેસાણા તારંગા હિલ

● અનુસંધાન પાન-૭ પર

# મોદી આજે અમેરિકી કોંગ્રેસના સત્રને સંબોધશે

## પ્રથમ દિવસે મોદી અમેરિકામાં જુદા જુદા કાર્યક્રમોમાં વ્યસ્ત રહ્યા : કોલમ્બિયા શટલ અકસ્માતમાં મૃત્યુ પામનાર અંતરિક્ષ યાત્રી કલ્પના ચાવલા સહિત અન્યોને શ્રદ્ધાંજલિ સુનિતા વિલિયમ્સના પરિવાર સાથે પણ વાતચીત




નવી દિલ્હી,તા. ૭

વડાપ્રધાન નરેન્દ્ર મોદી અમેરિકા પહોંચ્યા બાદ જુદા જુદા કાર્યક્રમોમાં આજે વ્યસ્ત રહ્યા હતા. મોદી હવે આવતીકાલે પણ વ્યસ્ત કાર્યક્રમો ધરાવે છે જેના ભાગરુપે ઈતિહાસ સર્જીને મોટી આવતીકાલે અમેરિકી કોંગ્રેસના સંયુક્ત સત્રને સંબોધન કરનાર છે જેના ઉપર તમામની નજર રહેશે. આજે દિવસ દરમિયાન મોદી જુદા જુદા કાર્યક્રમોમાં રહ્યા હતા. જે પૈકી થીંક ટેંક સાથે વાતચીત કરી હતી. વોશિંગ્ટન પહોંચ્યા બાદ ભવ્ય સ્વાગત થયા પછી મોદી વોશિંગ્ટનમાં એક સાંસ્કૃતિક કાર્યક્રમમાં પહોંચ્યા હતા. આ કાર્યક્રમમાં ભારતની કિંમતી ચીજવસ્તુઓની આપલે થઈ હતી. ત્યારબાદ મોદીએ કોલમ્બિયા શટલ દુર્ઘટનામાં મૃત્યુ પામી ચુકેલી કલ્પના ચાવલા અને અન્ય લોકોને શ્રદ્ધાંજલિ આપી હતી. વોશિંગ્ટન

● અનુસંધાન પાન-૭ પર

# ગુજરાતમાં વરસાદ વહેલો આવી શકે છે

## હિટવેવ વચ્ચે રાજ્યમાં પારો આંશિકરીતે ફરી ઘટ્યો હિટવેવની ચેતવણી જારી ન કરાઈ હોવા છતાં પારો ઉંચો હોવાથી જનજીવનને માઠી અસર

અમદાવાદ,તા. ૭

ઉત્તર ગુજરાત અને કચ્છના વિવિધ ભાગોમાં પ્રવર્તી રહેલી હિટવેવની સ્થિતિ વચ્ચે અમદાવાદ સહિત રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં ગરમીના પ્રમાણમાં સોમવારની સરખામણીમાં મંગળવારે આંશિક ઘટાડો થયો હતો. જ્યારે સૌરાષ્ટ્ર કચ્છમાં તીવ્ર ગરમી હજુ પણ લોકો અનુભવી રહ્યા છે. આજે સૌરાષ્ટ્ર કચ્છના વિસ્તારોમાં લોકોએ તીવ્ર ગરમીનો અનુભવ કર્યો હતો. હવામાન વિભાગ તરફથી કોઈપણ પ્રકારની ચેતવણી જારી કરવામાં આવી નથી પરંતુ પારો હજુ પણ ૪૨થી ઉપર હોવાથી સાવચેતી રાખવાની જરૂર દેખાઈ રહી છે. બીજી બાજુ અમદાવાદ શહેરના તાપમાનમાં છેલ્લા કેટલાક દિવસોથી સતત ફેરફારની સ્થિતિ જોવા મળી રહી છે જેના કારણે બાળકો અને મોટી વયના લોકો જુદી જુદી બિમારીના સકંજામાં આવી રહ્યા છે. હાલમાં લોકોને વધુ પ્રમાણમાં પાણી પીવા ઉપરાંત છાશ અથવા અન્ય પ્રવાહનું સેવન કરવાની સાથે લાંબો સમય તડકામાં ન રહેવા,હળવા સુતરાઉ કપડા પહેરવા,ઠંડકવાળા સ્થળો પર સમય-સમય પર આરામ કરવા અને બાળકો અને સગર્ભા સ્ત્રીઓનું ખાસ ધ્યાન રાખવા અપીલ કરી છે. બપોરના ગાળામાં રસ્તાઓ સુમસામ બન્યા હતા. ગરમીના પ્રમાણમાં હજુ નોંધપાત્ર ઘટાડો થઈ રહ્યો નથી ત્યારે તકેદારી રાખવા માટેની જરૂર દેખાઈ રહી છે. અમદાવાદ શહેરમાં થોડાક દિવસ પહેલા જ ગરમીનો પારો ૪૮ સુધી પહોંચી ગયો હતો. લુ લાગવાના અથવા તો હિટ સ્ટ્રોકના કેટલાક બનાવો બન્યા હતા. મોત પણ અમદાવાદમાં થયા હતા. હવામાન વિભાગના કહેવા મુજબ ગુજરાતમાં વહેલો વરસાદ આવી શકે છે. ગરમીના પ્રમાણણાં પણ ઘટાડો થઈ શકે છે.

# અગ્રિમતા ધોરણે કૃષિ વિષયક નવા વીજ જોડાણો મળી શકશે

## તત્કાલ યોજના હેઠળ ઝડપથી વિજ જોડાણ : ધરતીપુત્રોના હિતને ધ્યાનમાં લઈને નિર્ણય : માર્ચ ૨૦૧૬ સુધી અરજી કરનાર ખેડૂતોને તત્કાલ યોજના હેઠળ જોડાણ

અમદાવાદ, તા.૭

મુખ્યમંત્રી આનંદીબેન પટેલે રાજ્યમાં કૃષિ વિષયક વીજ માંગ સંતોષવા અને ખેડુતોને ખેતી માટે પુરતા પ્રમાણમાં વીજળી મળે તેવા કિસાન કલ્યાણલક્ષી ધ્યેય સાથે અનેકવિધ પગલાં ભર્યા છે. રાજયમાં અગ્રતાક્રમે નવીન ખેતી વિષયક વીજ જોડાણો આપવા માટે રાજય સરકારે તત્કાલ યોજના અમલમાં મૂકી હતી.


રાજયના ખેડુતો સામાન્ય યોજના હેઠળ નોંધાયેલી તેમની અરજીને તત્કાલ યોજના અંતર્ગત રૂ. ૫૦૦ ભરીને તે અરજીને તત્કાલમાં તબદીલ કરી શકતા હતા. પરંતુ તે યોજનામાં જે ખેડુતોએ તા. ૩૧-૧૨-૨૦૧૪ સુધીમાં સામાન્ય યોજના હેઠળ અરજી નોંધણી કરાયેલ હોય તેવા ખેડુતો જ યોજનાનો લાભ લઈ શકતા હતા. આથી ત્યાર પછી જે ખેડુતોએ સામાન્ય યોજના હેઠળ નવીન ખેતી વિષયક વીજ જોડાણ માટે અરજી નોંધણી કરાવેલ હોય તેવા ખેડુતો પણ આ યોજનાનો લાભ લઈ શકે તે માટે રાજય સરકારે આ તારીખ લંબાવીને તા. ૩૧-૦૩-૨૦૧૬ કરવામાં આવેલ છે. જેથી હવે વધુ ખેડુતો તત્કાલ યોજના હેઠળ અગ્રિમતાના ધોરણે ઝડપથી કૃષિ વિષયક વીજ જોડાણ મેળવી શકશે. ઊર્જા મંત્રી સૌરભભાઈ પટેલે જણાવ્યું હતું કે, રાજય સરકારે ખેડુત હિતલક્ષી સઘન આયોજન કરીને છેલ્લા ચાર વર્ષથી વાર્ષિક સરેરાશ એક લાખ ખેડુતોની વીજ જોડાણો, વર્ષ ૨૦૧૩-૧૪માં ૯૫,૩૧૨ કૃષિ વીજ જોડાણો ૨૦૧૪-૧૫માં ૧,૦૦,૨૫૦ અને ૧,૦૯,૩૧૭ કૃષિ વીજ જોડાણો મળી ચાર વર્ષમાં ખેડુતોને કુલ ૪,૦૨,૩૩૮ કૃષિ વીજ જોડાણો આપવામાં આવ્યા છે. ચાલુ વર્ષે પણ એક લાખ ખેડુતોને વીજ જોડાણ આપવાના સંકલ્પને સાકાર કરવા રાજય સરકાર પ્રતિબદ્ધ છે એમ પણ ઊર્જા મંત્રીએ જણાવ્યું હતું.




પુનઃ આંદોલનનું રણશિંગુ - પાટીદાર અનામત આંદોલન સમિતિ દ્વારા મંગળવારે રાજ્યભરમાં દરેક તાલુકા સ્થળોએ સમિતિના અગ્રણીઓએ મામલતદારને આવેદનપત્ર આપ્યું હતું... પાટીદાર નેતાઓને જેલમાંથી મુક્ત કરાવવા તથા અનામતની જાહેરાત તાકિદે કરવાની માંગ સાથે પાટીદાર આંદોલન સમિતિના અગ્રણીઓએ સરકારના સંબંધિત અધિકારીઓ સમક્ષ ઉગ્ર રજૂઆત કરી હતી. સમિતિના આગેવાનોનો દાવો છે કે, આગામી દિવસોમાં પાટીદાર આંદોલનને રાજ્યવ્યાપી બનાવી અનામત માટેની માંગણીને વધુ અસરકારક રીતે રજૂ કરાશે.


કૃષિ મંડળ દ્વારા આયોજિત
ચારણ ખીમરાજભાઈ - મો. ૯૦૩૩૭૭૩૬૧૪
કેસર કેરી મહોત્સવ ૨૦૧૬
કચ્છની પ્રખ્યાત કેસર કેરી
પોતાની વાડીની કેરીનું ખેડૂતો મિત્રો દ્વારા સીધુ વેચાણ
૧૦૦% કાર્બન રહિત તથા ઓર્ગેનિક
ચ-૩ લાયન્સ ગરબા ગ્રાઉન્ડ, સેક્ટર-૧૧, ગાંધીનગર

HOT SPOT in HOT SEASON for FAMILY PICNIC



નિરવતાનો રવ...
bansari Greens
Special Discount Packages for two Persons*
2 Night Stay @ Rs. 8,500+Tax (Monday to Friday) (Except Festivals)
2 Night Stay @ Rs. 9,500+Tax (Saturday-Sunday & Holidays)
Offer Includes Lunch - Hi-tea - Dinner & Morning Breakfast.
We also offer indoor - outdoor Games & Swimming.
* conditions apply
For Booking Call
Ashish Soni : 70690 96551
Biren Shrimali : 99249 31224
Hiren Mehta : 70690 96550
Nr. Grambharti, Gandhinagar-Mahudi Road, At. Aluva, Dist. Gandhinagar.
e-mail : info@bansarigreensresort.com, www.bansarigreensresort.com

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225

ધો. ૧૨ પછી ઉત્તમ વિકલ્પ
Integrated MBA (BBA+MBA - ૫ વર્ષ)
(આર્ટસ / સાયન્સ / કોમર્સ)
GTU + AICTE માન્ય અભ્યાસક્રમ + સ્કોલરશીપ ઉપલબ્ધ + SC/ST વિદ્યાર્થી માટે ૧૦૦% ફી માફી + 100% Placement Assistance + Free Spoken English
ADMISSION OPEN
શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત
ચૌધરી ટેકનીકલ ઈન્સ્ટીટ્યુટ
સેન્ટ્રલ બસ સ્ટેન્ડની સામે (પથિકાશ્રમ), સેક્ટર - ૭, ગાંધીનગર
Ph. : 079 23246269 M. : 97255 98661